## અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૩.૧ | સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજોની વિગતો આપો. | હોદ્દો : (૧) કલેકટરશ્રી, મહેસાણા<br>(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, મહેસાણા<br>સતાઓ :<br>વહીવટી : સમગ્ર જિલ્લા પુરવઠા તંત્રની દેખરેખ અને નિયમન , તપાસણી કાયદાથી પ્રાપ્ત અધિકાર નીચે કેસો ચલાવવા અને અપીલ સાંભળવાની કાર્યવાહી, જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની ઉપલબ્ધી , ફાળવણી, વિતરણ તથા જાળવણી, લોકસમસ્યા નિવારણ.<br>નાણાકીય : સરકારશ્રી ઘ્વારા ફાળવવામા આવતી વહીવટી ગ્રાન્ટના સમયસરના વપરાશની દેખરેખ અન્ય : ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન .<br>(૩) તાલુકા મામલતદાર :<br>સતાઓ :<br>વહીવટી : સમગ્ર તાલુકા પુરવઠા તંત્રની દેખરેખ અને નિયમન, કાયદાથી પ્રાપ્ત અધિકાર નીચે તપાસણી અને નિયમન કરવું, તાલુકામાં આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની ઉપલબ્ધી તથા જાળવણી, લોકસમસ્યા નિવારણ.<br>નાણાંકીય : સરકારશ્રી ઘ્વારા ફાળવવામા આવતી વહીવટી બાબતોની ગ્રાન્ટના સમયસરના વપરાશની દેખરેખ.<br>અન્ય : ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન.<br>(૪) નાયબ મામલતદાર :<br>જિલ્લા કક્ષાએ પુરવઠા નીરીક્ષક તરીકે (પેટ્રોલ–ડીઝલ પંપ સિવાય) કાયદાથી પ્રાપ્ત અધિકારો નીચે વિવિધ આવશ્યક ચીજવસ્તુઓ તથા તેના પરવાનાની તપાસણી અને નિયમનની કામગીરી તેમજ તાલુકા કક્ષાએ નાયબ મામલતદાર પુરવઠા તરીકે કચેરી ઉપરાંત તપાસણી અને નિયમનની કામગીરી. ગ્રાહકો, વપરાશકર્તા, બીનસરકારી સંસ્થાઓ, સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલન. નાયબ મામલતદાર કક્ષાએ કોઈ સ્વતંત્ર નાણાકીય |

| | | |
|---|---|---|
| | | અધિકારો આપવામાં આવેલા નથી. |